Seat No. : ______________

# NC-105

**November-2025**

**B.A., Sem.-V**

**CC-304/A : Gujarati Sahitya**

**(સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ સૂચિત કરે છે.

1. સરોજ પાઠકના જીવન-કવનનો પરિચય આપો. **14**

**અથવા**

1. સરોજ પાઠકની સમગ્ર સાહિત્ય સેવા જણાવો. **14**

2. સરોજ પાઠકની 'શ્રેષ્ઠ વાર્તાઓ'માંથી તમને પ્રિય કોઈપણ એક વાર્તાનું ટૂંકીવાર્તાના લક્ષણોને આધારે મૂલ્યાંકન કરો. **14**

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ બે) **14**

(1) 'ન કૌંસમાં, ન કૌંસ બહાર' વાર્તાની નાયિકા શુચીનું પાત્રાલેખન

(2) 'સૌગંધ' વાર્તાનો અંત

(3) 'ધ્વન્યાર્થ' વાર્તાનું વસ્તુ

(4) 'સારિકા પંજરસ્થા' વાર્તાની શીર્ષક યોગ્યતા

4. કોઈ **એક** કાવ્યનું રસદર્શન કરાવો. **14**

**વળાવી બા આવી**

રજાઓ દિવાળી તણી થઈ પૂરી ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂર સુદૂર સંતાન નિજનાં
જવાના કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ – સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઉપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી,
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથીયે.

— ઉશનસ્ —

**અથવા**

**ભાઈ રે આપણાં દુઃખનું કેટલું જોર**

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચાવીએ નહિ શોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
ભારનું વાહન કોણ બની રહે નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નિબિડ રાતના કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
આપણે ના કંઈ રંક ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધારઃ
આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર,
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

– રાજેન્દ્ર શાહ –

5. યોગ્ય વિકલ્પ શોધો : (કોઈપણ **સાત**) **14**

(1) સરોજ પાઠકનો જન્મ _______ સાલમાં થયો હતો.

(અ) 1929 (બ) 1930

(ક) 1931 (ડ) 1932

(2) સરોજ પાઠક વ્યવસાયે _______ હતા.

(અ) શિક્ષક (બ) અધ્યાપક

(ક) ડૉક્ટર (ડ) વકીલ

(3) _______ એમનો વાર્તાસંગ્રહ નથી.

(અ) મારો અસબાબ (બ) પ્રેમ ઘટા ઝૂક આઈ

(ક) વિરાટ ટપકું (ડ) નાઈટમેર

(4) ન કૌંસમાં, ન કૌંસ બહાર વાર્તાની નાયિકા _______ છે.

(અ) શુચી (બ) સુશ્રી

(ક) સારિકા (ડ) રેમી

(5) મુંબઈની ભરચક ગિરદીવાળી ઘોંઘાટથી ભરેલી લોકલગાડી _______ વાર્તાનું લોકાલ છે.

(અ) સૌગંધ (બ) સ્વયં-વર

(ક) દુશ્ચક્ર (ડ) સારિકા પંજરસ્થા

(6) જ્વાલાપ્રસાદ _______ વાર્તાનું પાત્ર છે.

(અ) ધ્વન્યાર્થ (બ) કોને કહું કેમ કહું ?

(ક) સ્વયં-વર (ડ) પોસ્ટ-મોર્ટમ

(7) "મારે ન્યાય નથી જોઈતો પ્રભુ, નિસાસા નથી નાખવા, સાચાખોટાના લેખાં નથી જોખવા .... મને દૂભવી છે

.... દૂભવી છે, હે પ્રભુ, મારા મિત્રો, અમિત્રો, દૂભવનારાં ..... સૌને કદી ન દુભવશો ! એમને માફ કરજો, કારણ કે એ જાણતા નથી કે એ લોકો શું કરી રહ્યાં છે !" – આ ઉક્તિ _______ પાત્ર બોલે છે.

(અ) પૂરબી (બ) સુશ્રી

(ક) રેમી (ડ) સંતોષી

(8) દુશ્ચક્ર _______ ની કથા છે.

(અ) હીરજી (બ) અનિલ

(ક) ઈસુ (ડ) સંબલ

(9) સરોજ પાઠકનું અવસાન _______ સાલમાં થયું હતું.

(અ) 1992 (બ) 1991

(ક) 1990 (ડ) 1989

(10) સરોજ પાઠક _______ ઉપનામથી સર્જન કરતાં હતાં.

(અ) વાચા (બ) વાણી

(ક) ત્રિવેણી (ડ) રાજવિ

(11) _______ વાર્તાને અંતે નાયક આત્મહત્યા કરે છે.

(અ) મારા ચરણ કળણમાં એટલે એકસ્ટસી

(બ) ન કૌંસમાં, ન કૌંસ બહાર

(ક) સૌગંધ

(ડ) કોને કહું ? કેમ કહું ?

(12) સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓના સંપાદક _______ છે.

(અ) ડૉ. દિલાવરસિંહ જાડેજા – રમણ પાઠક

(બ) રમણ સોની

(ક) શિરીષ પંચાલ

(ડ) સતીશ વ્યાસ